Sunday
30.06.2024
✳Volume :8 ✳ Issue No.340
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં એનડીઆરએફના બીજા પર્વતારોહણ અભિયાન 'વિજય'ના સફળ પુનરાગમનને આવકાર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ હવે આપત્તિ વ્યવસ્થાપન માટે રાહત કેન્દ્રિત અભિગમ નહીં, પણ શૂન્ય અકસ્માતનો અભિગમ અપનાવવામાં આવ્યો છે : કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ

ગૃહ મંત્રીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઉપકરણ અને ફોટો પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી, જેમાં એનડીઆરએફના જવાનો દ્વારા કામગીરીમાં ઉપયોગમાં લેવાતા અત્યાધુનિક ઉપકરણો અને ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું

અદમ્ય સાહસ દાખવનારા આપણા જવાનોની આ પ્રકારની આકરી કામગીરીથી વ્યક્તિ અને સેના બંનેની કાર્યદક્ષતામાં વધારો થાય છે

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય ગૃહ મંત્રીઅને સહકારિતા મંત્રી, શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ના બીજા પર્વતારોહણ અભિયાન 'વિજય'નું ૨૧,૬૨૫ ફૂટ ઊંચા મણિરાંગ પર્વત પર સફળ ચઢાણ કરીનેપરત ફર્યાબાદ સ્વાગત કર્યું હતું. ગૃહમંત્રીએ ફોટો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટઈક્વિપમેન્ટ ગેલેરીપણ જોઈ હતી. આ પ્રદર્શનમાં અત્યાધુનિક ઉપકરણોનુંપ્રદર્શન કરવામાંઆવ્યું હતું અને કામગીરી દરમિયાન એનડીઆરએફના બચાવકર્તાઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ટેકનોલોજીનો સમાવેશ થાય છે. ટીમ લીડર્સ દ્વારા બ્રીફિંગ પણ આપવામાં આવી હતી, જેઓ ભારત અને તુર્કીમાં વિવિધ આપત્તિપ્રતિસાદની ઘટનાઓમાં સામેલ હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ એનડીઆરએફ દ્વારા પૂરના પાણીથી બચાવ, ભૂસ્ખલન, ધરાશાયી થયેલી માળખાગત શોધ અને બચાવ, રાસાયણિક જૈવિક રેડિયોલોજિકલ ન્યુક્લિયર રિસ્પોન્સ મિકેનિઝમ (સીબીઆરએન), પર્વતબચાવ, બોરવેલ બચાવ, ચક્રવાતની પ્રતિક્રિયા વગેરેમાં હાથ ધરવામાં આવેલી વિવિધ કામગીરીમાં ઊંડોરસ લીધોહતો. તેમને એનડીઆરએફ દ્વારા વધુસારા ઉપયોગ માટે ઉપકરણોને સુધારવા માટે લેવામાં આવેલી વિવિધ પહેલ પણ બતાવવામાં આવીહતી. આપ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ અને એન ડીઆરએફના મહાનિર્દેશક સહિતઅનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અમિત શાહે એનડીઆરએફના જવાનોને ૨૧,૬૨૫ ઊંચાઈ પર સ્થિત મણિરંગ પર્વત પર સફળતાપૂર્વક અભિયાનચલાવવા બદલ બિરદાવ્યાંહતા. તેમણે કહ્યું હતુંકે, આવી ઊંચાઈએ જવા માટે અદમ્ય સાહસ દાખવવાનો નિર્ણય લેનાર આપણા જવાનોના આ પ્રકારનાં આકરાં ઓપરેશનથી વ્યક્તિ અને દળ બંનેની કાર્યક્ષમતામાં વધારો થાય છે. ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્રકારનાં મુશ્કેલ અભિયાનોનો લક્ષ્યાંકો હાંસલ કરવાની, અકલ્પનીય મુશ્કેલીઓ પર વિજય મેળવવાની અને તેને પાર કરીને લક્ષ્યાંકસુધી પહોંચવાનીટેવ પાડે છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, વિજયની આદત જ વ્યક્તિ અને બળને મહાન બનાવે છે અને તે વ્યક્તિના જીવનમાં સાચા માર્ગે ચાલવા, વિજયી બનવા અને આત્મવિશ્વાસ વધારવાનો સૌથી મોટો સ્ત્રોતછે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુંકે આજે આ ઓપરેશનમાં કેટલાક જવાનોને સફળતા મળી છે, પરંતુ સાચા અર્થમાં આ સફળતા સમગ્ર એનડીઆરએફની છે. તેમણે કહ્યું કે, આ જવાનોએ માત્ર મણીરંગ પર્વતની ઊંચાઈઓ જ જીતી નથી, પરંતુ સમગ્ર દળનું મનોબળ વધારવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે પર્વતારોહણ એ માત્ર એક કુશળતા જ નહીંપરંતુ જીવન જીવવાની કળાછે અને આ કલામાંનિપુણતા મેળવવીએ સમગ્ર જીવન માટે એકશિક્ષણ બનાવેછે. કેન્દ્રીય ગૃહમંત્રીએ ઓપરેશન વિજયમાં સફળતા મેળવનારા ૩૫ જવાનો અને એનડીઆરએફનામહાનિદેશકને બળના પ્રતીકતરીકેની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી શાહે જણાવ્યું હતું કે, આ જવાનોએ ૨૧,૬૦૦ ફૂટથી વધારે ઊંચાઈ પર તિરંગોલહેરાવવોએ સમગ્ર દળ માટે મોટી ઉપલબ્ધિનો વિષય છે. તેમણેકહ્યું હતુંકે, જોઆપણે સફળતાના શિખરે પહોંચવું હોય તો જીવનભર સાતત્યપૂર્ણ ધ્યેયને આગળવધારવુંપડશે, તો જ સફળતા પ્રાપ્ત થાય છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, એક સમયે ભારતમાં આપત્તિનોઅમારો અભિગમ માત્ર રાહતકેન્દ્રિત હતો, પણપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાંહવે આપત્તિ વ્યવસ્થાપન માટે શૂન્ય અકસ્માતનો અભિગમ અપનાવવામાં આવ્યો છે, રાહત-કેન્દ્રિતઅભિગમ નહીં. તેમણે કહ્યું હતુંકે, આપત્તિવ્યવસ્થાપન અભિગમની દ્રષ્ટિએ આ અમારી મહાન સફર રહી છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીનાં કાર્યકાળનાં છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન આપત્તિઓનો સામનો કરવા માટે દુનિયામાંથી શ્રેષ્ઠ પદ્ધતિઓ ભારતમાં સ્થાપિત કરવામાં આવી છે.

દેશમાં જ નહીં પરંતુ દુનિયામાં ક્યાંય પણ આફત આવે તો દરેક વ્યક્તિ એનડીઆરએફ તરફ મીટ માંડીને બેસે છે

ગમે તેટલી વિપરીત પરિસ્થિતિ હોય, પણ એનડીઆરએફના ડ્રેસમાં કોઈ જવાન ત્યાં ઊભો હોય તો આફતમાં ફસાયેલા લોકોનું મનોબળ અનેકગણું વધી જાય છે

તેમણે કહ્યું કે, મોદી સરકારનાઆ ૧૦ વર્ષોમાં પ્રશિક્ષણ દ્વારા એનડીઆરએફ અને એનડીએમએનું વિજયી ગઠબંધન બનાવવાનું કામ, દળનું મનોબળ વધારવું, દળની રચના કરવી, ફોર્સની પૂરતી સંખ્યા પૂરીપાડવી, આટલા મોટા દેશમાંદરેક જગ્યાએફોર્સના જવાનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી અને ડિઝાસ્ટર એસેસમેન્ટ માટે આગોતરી જાણકારીઆપવાનું કામ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, આજે દેશ કે દુનિયામાં ક્યાંય પણ કોઈઆપત્તિ આવે છે, તોદરેક એનડીઆરએફ તરફ મીટ માંડીને બેસેછે. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે, એન ડીઆરએફનાં જવાનોને જોઈને આપત્તિમાં ફસાયેલા લોકોનું મનોબળ અનેકગણુંવધી જાયછે. તેમણે કહ્યું હતું કે, જે રીતે આપણા ૩૫ જવાનોએ આપર્વતારોહણ અભિયાનમાં સફળતા મેળવવા માટે પળેપળની જાગૃતિ સાથે પોતાને લક્ષ્ય સાથે સાંકળી લીધા છે, તેવી જ રીતે આપણી સેનાએ ઝીરોકેઝ્યુઅલ્ટીનાંલક્ષ્યાંક સાથે પોતાને સાંકળી લેવાં પડશે. તેમણે કહ્યું હતું કે, સિદ્ધિ ક્યારેય સંતોષનું કારણ ન બનવી જોઈએ, પણ વધારે મુશ્કેલ લક્ષ્યાંકો નિર્ધારિત કરવા માટેનું કારણ બનવું જોઈએ. શ્રી શાહે જણાવ્યું હતું કે, તુર્કી હોય કે સીરિયા હોય, બિપોરજોય હોય કે મિચૌંગ હોય, રોપ-વેની ઘટના હોય કે પર્વતારોહકોને બચાવવાની ઘટના હોય, ટનલની ઘટના હોય કે જાપાનમાં આવેલી ટ્રિપલ હોનારત હોય કે પછી નેપાળમાં ધરતીકંપ હોય, એનડીઆરએફનાં જવાનો જ્યાં પણ ગયા છે, તેઓ સારી શરૂઆત સાથે પરત ફર્યા છે અને આ સમગ્ર દેશ માટે ગર્વની વાત છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે ભવિષ્યમાં જળવાયુ પરિવર્તનના કારણે હિમસ્ખલન, ભૂસ્ખલન, પૂરઅને તોફાન જેવા ખતરા દરેક જગ્યાએ વધવાના છે અને તેને ધ્યાનમાં રાખીને આપણે વિજ્ઞાનનો સહારો લઈને ઝીરો કેઝ્યુલિટીના લક્ષ્ય તરફ મજબૂતીથી આગળવધવું જોઈએ. તેમણે કહ્યુંહતું કે, આપણે હજુ પણ ઘણાં ક્ષેત્રોમાં આપણી કાર્યદક્ષતાવધારવાની છે અને જંગલોમાં લાગેલી આગ જેવા પરિણામો પણ લાવવાનાં છે. તેમણે કહ્યુંહતું કે જંગલમાં લાગેલીઆગ દરમિયાન માનવ જિંદગી બચાવવી એ અમારો એકમાત્ર ઉદ્દેશ નથી, પરંતુ આપણે જંગલોને કેવી રીતે બચાવવાઅને જમીન પર આગ ન લાગે તે માટે આપણે શું કરી શકીએ તે અંગે વિશ્વભરમાંથીથઈ રહેલાપ્રયોગો લાવવાના છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, આપણે વાદળ ફાટવાને કારણે આવેલાપૂર માટે આપણીજાતનેવધારે સજ્જકરવાની જરૂર છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, એનડીઆરએફનાંવિકાસ, તાલીમ અને સેનાને આધુનિક સંસાધનો પ્રદાન કરવા માટે મોદી સરકારેકોઈ કસર છોડી નથી અને ક્યારેય બજેટ તરફ ધ્યાન આપ્યું નથી. તેમણે કહ્યું કે આપણે ભારતમાંએક એવી તાકાતબનાવવી જોઈએ જે સમગ્ર દેશમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં પ્રથમ હોય. શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પોતે આપત્તિ વ્યવસ્થાપન વિશે ખૂબ જ ચિંતિત અને જાગૃત છે તથા આ ક્ષેત્રમાં ભારતે મેળવેલી સફળતા તેનું જ પરિણામ છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચેનાં ૧૦ વર્ષમાં આપત્તિ રાહત માટે એસડીઆરએફ અને એનડીઆરએફને કુલ રૂ.૬૬,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ સુધીનાં ૧૦ વર્ષમાં વધીને રૂ. ૨ લાખ કરોડ થયું હતું. તેમણે કહ્યું હતું કે, આદ્દશાવિ છેકે, ભારત સરકારઆપત્તિ માટેકેટલી સજ્જ છે. શ્રી શાહે કહ્યું હતું કે, મોદી સરકાર એનડીઆરએફને દરેક રીતે વૈજ્ઞાનિક સહાયતા પ્રદાન કરે છે, પછી તે ડાયલ ૧૧૨ હોય, મૌસમ હોય, દામિની હોય, મેઘદૂત હોય, આ પ્રકારની મોબાઈલ એપ્લિકેશન હોય કે પછી વહેલાસર ચેતવણી આપવાની વ્યવસ્થા હોય. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, એનડીઆરએફના જવાનો માટે લાંબા સમયથી જોખમ અને મુશ્કેલી ભથ્થાની માંગ કરવામાં આવી રહી હતી અને વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે ગઈકાલે આ માંગ સ્વીકારી છે. તેમણે કહ્યું હતું કે, હવે એનડીઆરએફનાં ૧૬,૦૦૦ કર્મચારીઓને ૪૦ ટકાનાં દરે જોખમ અને મુશ્કેલી ભથ્થું મળશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, મોદી સરકારે એવો નિર્ણય પણલીધોછે કે, હવેસેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (સીએપીએફ)ની એક ટીમ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની રમત-ગમત સ્પર્ધાઓમાંઆઉટડોર અને ઈન્ડોર તમામ રમતોમાં ભાગ લેશે. તેમણે કહ્યું હતું કે, આ માટેનો સંપૂર્ણ રોડમેપ તૈયાર થઈ ગયો છે અને ટૂંક સમયમાં જ ભારત સરકાર તેનાં અમલીકરણ માટે એક મોડલ લઈને આવશે. તેમણે કહ્યું કે સરકાર સીએપીએફમાં રમતગમતને સંસ્કૃતિ તરીકે રજૂ કરવાઅને સ્થિર કરવા માંગે છે.

ડાયલ ૧૧૨ હોય, મૌસમ, દામિની, મેઘદૂત હોય, આ પ્રકારની મોબાઇલ એપ્લિકેશન હોય કે પછી અર્લી વોર્નિંગ સિસ્ટમ હોય, મોદી સરકાર એનડીઆરએફને દરેક રીતે વૈજ્ઞાનિક સહાયતા પ્રદાન કરી રહી છે

શ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનતાં આગામી પાંચ વર્ષમાં આપણે દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનીશું: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, અર્બન પ્લાનિંગ એચ.એલ. સી. ચેરમેન શ્રી કેશવ વર્મા રહ્યા ઉપસ્થિત

કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનીઉપસ્થિતિમાં 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઈન્ડિયા - ગુજરાત ચેપ્ટર' ની કોન્ફરન્સનો અમદાવાદમાં પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગેવિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનતાં આગામી પાંચ વર્ષમાં આપણે દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનીશું. અને આત્મનિર્ભરતામાટે સસ્ટેનેબિલિટી પાયાની શરત છે. વિકાસ તમામ કાર્યોના પાયામાં સસ્ટેનેબિલિટી જરૂરી છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. આપણા શહેરી આયોજનમાં પણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટનો ધ્યેય રાખી પર્યાવરણ જાળવણી સાથેના સંતુલિત વિકાસથી શહેરોને લવેબલ-લિવેબલઅને સસ્ટેનેબલ બનાવવાની તેમણે હિમાયત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએજણાવ્યુંહતું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણની સાથે ચાલવું એ અગત્યનું બની ગયું છે. શહેરોમાં અર્બન ફોરેસ્ટ ઊભા કરીને, ગ્રીન કવરવધારીને ગ્લોબલ વોર્મિંગ સામે લડવું પડશે. આ ઉપરાંત રિડ્યુસ, રિયુઝ અને રિસાયક્લીંગ થકી સર્ક્યુલર ઈકોનોમીનુંનિર્માણ કરીને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડીને શહેરોને હજુ વધુ લિવેબલ અને લવેબલ બનાવવા અંગેના આયોજન અને પરિસ્થિતિ નિર્માણ પણ સાથે મળીને કરવા આવશ્યક છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મિશન લાઈફ વિશે વાત કરતાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળમિશન લાઈફઅભિયાન શરૂ કરાયુંછે. આઅભિયાન આપણને આવનારાપડકારોને પહોંચી વળવા પર્યાવરણની સુરક્ષા માટે પ્રેરણા આપે છે, આપણી જીવનશૈલી પર્યાવરણને સાથે લઈને ચાલે છે. મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસને વેગ આપવા માટે આવી કોન્ફરન્સ જેવાંઆયોજન દ્વારા નક્કી કરાયેલ નિર્ણયને રાજ્ય સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ આપવા ખાતરી આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ સૌને જવાબદાર નાગરિક બની પર્યાવરણની જાળવણી માટે અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. આપ્રસંગે શહેરીવિકાસવિભાગના અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમારે ગૌરવપૂર્વકજણાવ્યું હતુંકે, રાજ્યના અનેક નગરોમાં વર્ષો જૂની સંસ્કૃતિ, સભ્યતાઅને પૌરાણિક તત્ત્વો હાલ પણ જોવા મળે છે. વડનગર વિશે વાત કરતા તેમણે કહ્યુંકે, વડનગરની સંસ્કૃતિ અને વિરાસત ખૂબ જ પ્રાચીન અને અદભુત છે અને ત્યાં તમામ ધર્મની પૌરાણિક વસ્તુઓ હાલ પણ જોવા મળે છે. વધુમાં તેમણે કહ્યું કે, અમદાવાદને ફર્સ્ટ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો જે આપણા માટે ગર્વની વાત છે. તેમણે વધુ જણાવ્યું હતું કે, રાજ્યના અનેક શહેરો પોતાના પ્રાચીન પરંપરાનેકારણે ઓળખાય છે. પર્યાવરણ જાળવણીની વાત કરતા તેમણે કહ્યું કે, પર્યાવરણને સંતુલિત રાખી વિકાસના કાર્યો કરવામાટે રાજ્ય સરકાર કાર્યરત છે. શ્રીઅશ્વિનીકુમારે ઉમેર્યુંહતું કે, ગુજરાતને એક સમર્થ અને પ્રબળ નેતૃત્વ મળ્યું છે જેના કારણે શહેરી વિકાસને વેગ મળ્યોછે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં એમને સતત પ્રોત્સાહન અને સકારાત્મક સહયોગ મળ્યો છે, તેવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે એચ.એલ.સી.નાચેરમેન શ્રી કેશવ વર્માએ પોતાના પ્રવચનમાં અર્બન પ્લાનિંગમાટેની હાઈલેવલ કમિટી (HLC) વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને આ સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે સૌને વાકેફ કર્યા હતાં. વધુમાં તેમણે પર્યાવરણની જાળવણી સાથે કેવી રીતે ઔદ્યોગિક વિકાસ કરી શકાય તેબાબતે પ્રેઝન્ટેશન દ્વારા અહેવાલ રજૂ કર્યો હતો. આ ઉપરાંત બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને પણ વાત કરવામાં આવી હતી. શ્રી કેશવ કુમારે વધુમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડસ્ટ્રીસેક્ટર વિશે પણ અહેવાલ દર્શાવી વાત કરી હતી. આ કોન્ફરન્સમાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન, ITPI ના પ્રમુખ શ્રી એન. કે. પટેલ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈજૈન, નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી આર. ગોપાલન, શ્રી રાજેશ રાવલ સહિત ટાઉન પ્લાનિંગઅને અર્બન ડેવલપમેન્ટ સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ભારત સરકારે કર્મચારી પેન્શન યોજના (ઈપીએસ), ૧૯૯૫માં સુધારો કર્યો છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે ૬ મહિનાથી ઓછી પ્રદાનકર્તા સેવાધરાવતા ઈપીએસ સભ્યોને પણ ઉપાડનો લાભ મળે. આ સુધારાથી દર વર્ષે ૭ લાખથી વધુ ઈપીએસ સભ્યોને લાભ થશે જેઓ ૬ મહિનાથી ઓછી ફાળો આપનારી સેવા સાથે યોજના છોડી દે છે. વધુમાં, કેન્દ્ર સરકારે કોષ્ટક ડીમાં ફેરફાર કર્યો છે અને એ સુનિશ્ચિત કર્યું છે કે સભ્યોને સપ્રમાણ ઉપાડનો લાભ આપવા માટે સેવાના દરેક પૂર્ણ થયેલા મહિનાને ધ્યાનમાં લેવામાંઆવે. ઉપાડના લાભની રકમનો આધાર હવેથી સભ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલી સેવાના પૂર્ણ થયેલા મહિનાઓની સંખ્યા અને ઈપીએસ યોગદાન કયા વેતન પર પ્રાપ્ત થયું હતું તેના પર રહેશે. ઉપરોક્ત પગલાંએ સભ્યોને ઉપાડના લાભની ચુકવણીને તર્કસંગત બનાવી છે. એક અંદાજ મુજબ દર વર્ષે ૨૩ લાખથી વધુ સભ્યોને ટેબલ ડીના આ સુધારાનો લાભ મળશે. દર વર્ષે, લાખો ઈપીએસ ૯૫ સભ્યો પેન્શન માટે જરૂરી ૧૦ વર્ષની ફાળો આપનારી સેવા આપતા પહેલા આ યોજના છોડી દે છે. આવા સભ્યોને યોજનાની જોગવાઈઓ અનુસાર ઉપાડનો લાભ આપવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૦ લાખથી વધુ ઉપાડ લાભ દાવાઓની પતાવટ કરવામાં આવી હતી. અત્યાર સુધી, ઉપાડ લાભની ગણતરી પૂર્ણ થયેલા વર્ષોમાં ફાળો આપનાર સેવાના સમયગાળા અને જે વેતન પર ઈપીએસ યોગદાન ચૂકવવામાં આવ્યું છે તેના આધારે કરવામાં આવતી હતી. તેથી, ફાળો આપનારી સેવાના ૬ મહિના અને તેથી વધુ સમય પૂર્ણ કર્યા પછી જ, સભ્યો આવા ઉપાડ લાભ માટે હકદાર હતા. પરિણામે, ૬ મહિના કે તેથી વધુ સમય માટે ફાળો આપતા પહેલા સભ્યો યોજના છોડી દે છે, તેમને ઉપાડનો કોઈ લાભ મળતો ન હતો. આ ઘણા દાવાના અસ્વીકારો અને ફરિયાદોનું કારણ હતું કારણ કે ઘણા સભ્યો ફાળો આપનાર સેવાના ૬ મહિનાથી ઓછા સમય વિના બહાર નીકળી રહ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, ફાળો આપનારી સેવા ૬ મહિનાથી ઓછી હોવાને કારણે ઉપાડ લાભો માટેના આશરે ૭ લાખ દાવાઓને નકારી કાઢવામાં આવ્યા હતા. હવેથી, આવા તમામ ઈપીએસ સભ્યો કે જેઓ ૧૪.૦૬.૨૦૨૪ ના રોજ ૫૮ વર્ષની વય પ્રાપ્ત કરી શક્યા નથી, તેઓ ઉપાડ લાભ માટે હકદાર બનશે. અગાઉ, અગાઉના કોષ્ટક ડ હેઠળની ગણતરીમાં દરેક પૂર્ણ વર્ષ પછી ૬ મહિના કરતાં ઓછા સમય માટે આપવામાં આવતી સેવાના અપૂર્ણાંક સમયગાળાને અવગણવામાં આવતો હતો. આના પરિણામે ઘણા કેસોમાં ઉપાડના લાભની રકમ ઓછી થઈ. કોષ્ટક ડ ના ફેરફાર સાથે, ઉપાડ લાભની ગણતરી કરવા માટેની યોગદાન સેવા હવે પૂર્ણ થયેલા મહિનામાં ધ્યાનમાં લેવામાં આવશે. આ ઉપાડના લાભની વાજબી ચુકવણીની ખાતરી કરશે. દા.ત. ૨ વર્ષ અને ૫ મહિનાની યોગદાન સેવા અને વેતન ૧૫,૦૦૦/- પ્રતિ મહિના પછી ઉપાડનો લાભ લેનાર સભ્ય અગાઉ રૂ. ૨૯,૮૫૦/- ઉપાડ લાભ માટે હકદાર હતો. હવે તેને રૂ. ૩૬,૦૦૦/- ઉપાડનો લાભ મળશે.

ડાંગ જિલ્લામાં 'શાળા પ્રવેશોત્સવ' સાથે નાનાં ભુલકાંઓને પણ આંગણવાડીમાં પ્રવેશ અપાયો

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગજિલ્લામાંકાર્યરત કુલ ૪૪૨ આંગણવાડીઓમાં, દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૬/૬/૨૦૨૪ થી તા. ૨૮/૬/૨૦૨૪ દરમ્યાન, રાજ્ય સમસ્તની જેમ બાળકોને શાળા પ્રવેશોત્સવની સાથે સાથે, મહાનુભાવોના હસ્તે આંગણવાડી માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આંગણવાડીમાંભૂલકાઓને હુફાળો આવકાર મળે, આંગણવાડી પ્રત્યે તેમની લાગણી વધે, બાળકો આંગણવાડીમાં ઉત્સાહ પુર્વક આવતા થાય તે ઉદ્દેશ સાથે, ગત તા. ૧૦/૬/૨૦૨૪ થી જ આંગણવાડી પ્રવેશોત્સવ અંગે ગામના સ્થાનિક લોકો માહિતગાર થાય, વાલીઓમાં જાગ્રુતિ આવે તે બાબતે, આઈ.સી.ડી.એસ શાખા અને આંગણવાડી કાર્યકરો દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગનાં આયોજન મુજબ પેમ્પલેટ અને આમંત્રણ પત્રિકાનું વિતરણ કરી, આઈ.ઈ.સી. એક્ટિવિટી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન શાળા પ્રવેશોત્સવનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવવા તા. ૨૬/૬/૨૦૨૪ નાં રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા બીલીઆંબા ગામની આંગણવાડી ના ૩ બાળકોને ગણવેશ, રમત ગમત ભાગ-૧, ચિત્રપોથી, બ્લોક કીટ, અને સુખડી સાથે આશીર્વાદ પાઠવી પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ વેળા તેમણે આંગણવાડીની મુલાકાત લઈ પી.એસ.ઈ. કોર્નરનું નિરિક્ષણ કરી બાળકોને પ્રોત્સહિત પણ કર્યા હતા. આ સાથે તા. ૨૬/૬/૨૦૨૪ થી તા. ૨૮/૬/૨૦૨૪ દરમિયાન, ડાંગના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ, ગાંધીનગરથી પધારેલા ઉચ્ચ વરિષ્ઠ અધિકારીઓ, તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના નાયબ નિયામક (નાંણા) શ્રી કે.એચ.ગામિત, સ્થાનિક પદાધિકારીઓ, ડાંગ કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાનાં વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ દ્વારા, આહવા તાલુકાના ૩૧૨, સુબીરના ૩૨૨, અને વઘઈ તાલુકાના ૧૭૪ મળી કુલ ૮૦૮ બાળકોને આંગણવાડીમાં ગણવેશ આપી પ્રવેશ કરાવ્યો હતો. બાળકોને આંગણવાડીમાં પ્રવેશ સમયે ક્યાંક મોટર સાયકલ તો ક્યાંક બળદ ગાડા વિગેરે વાહનો શણગારી, એમાં બાળકોને બેસાડી ઉત્સાહભેર આંગણવાડી અને શાળામાં લાવવામાં આવ્યા હતા. જયાં બાળકોને કુમકુમ તિલક અને કુમ કુમ પગલા સાથે આંગણવાડી માં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. બાળકોનાં હસ્તે આંગણવાડીમાં વૃક્ષારોપણ પણ કરાવવામાં આવ્યુ હતું. દરમિયાન દાતા શ્રી અલ્પેશભાઈ એન.પવાર તરફથી વઘઈ તાલુકાની ઝાવડા સેજાની આંગણવાડીના બાળકોને ૧૧ જોડી યુનિફોર્મ, તેમજ મિનાલીબેન જગદીશભાઈ પટેલ તરફ થી ૫૦ કંપાસ બોક્ષ આપવામાં આવ્યા હતા.

શ્રી સરસ્વતી શિશુમંદિર વિભાપર વિદ્યાલયમાં કક્ષ પ્રમુખની ચૂંટણી યોજાઈ

જામનગર

જામનગર નજીક આવેલ વિભાપર ગામમાં વિદ્યાભારતી સંચાલિત શ્રી સરસ્વતી શિશુમંદિર શાળામાં ધોરણ ૬ થી ૯ ના ક્લાસ મોનીટરની ચુંટણી યોજાઈ જેમાં મોડેલ મતદાન મથક, મતદાનની વ્યવસ્થાઓ માટે અધિકારીઓ, મતદાન માટે ઈ.વી.એમ મશીન તેમજ વિદ્યાર્થીઓએ જાતે પ્રચાર પ્રસાર કર્યો અને ઉત્સાહ સાથે બધા વિદ્યાર્થીઓ મતદાનમાં ભાગ લીધો. આ ચૂંટણીમાં ઉમેદવાર ફોર્મ ભર્યા, ચૂંટણી ના ચિન્હો અને પક્ષો નક્કી કર્યા છેલ્લે ક્લાસ મોનીટરના પરિણામ જાહેર તેજ દિવસે કરવામાં આવ્યું. ત્યારબાદ વિજેતા વિદ્યાર્થીઓ નું વિજય સરઘસ સન્માન થયું વિજેતા વિદ્યાર્થીઓ આ વર્ષ ક્લાસ મોનીટર તરીકે ફરજ બજાવશે. આ ચૂંટણીથી વિદ્યાર્થીઓ માં મતદાનની વ્યવસ્થા, સંચાલન અને મતદાનનો અનુભવ થયો. આ ચૂંટણીનું માર્ગદર્શન વિદ્યાલયના આચાર્ય હેમાંશુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યુ હતું.

સુરત જિલ્લા મહુવા તાલુકા સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવાબોર્ડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીના આહવાનથી ભારતને હરિયાળું કરવાના સંકલ્પ સાથે ગુજરાતનો પ્રત્યેક યુવાન એક વૃક્ષ વાવવામાં અને ઉછેરવામાં સહયોગ કરે. ચાલો આ ચોમાસા દરમિયાન વધુમાં વધુ વૃક્ષો વાવીને, પર્યાવરણ સંરક્ષણનું આપણું કર્તવ્ય નિભાવીએ સુક્કાવિસ્તારને હરિયાળો બનાવવા અને વધતી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામે લડવાનાં આશય સાથે વડાપ્રધાન શ્રી Narendra Modi જીનાંઅહ્વાનને અનુસરીને પ્રદેશ કોઓર્ડીનેટર કૌસલભાઈ દવે ની અધ્યક્ષતા માં સુરત જિલ્લા ઝોન સાયોજક હર્ષિતભાઈ દેસાઈ અને જિલ્લા સંયોજક રાજનભાઈ વરિયના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લામાં દરેક સ્થળ પર આ કાર્યક્રમ થઈરહ્યો છે. મહુવા તાલુકા સ્વામીવિવેકાનંદ યુવાબોર્ડ તાલુકા સંયોજક મયુર પટેલ અને ભેરુભાઈ સાવરિયા દ્વારા વિવેકાનંદ વન અંતર્ગત મહુવા તાલુકાનાં અનાવલ તળાવ અને વસરાઈ ગ્રામપંચાયતપાસે વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં તાલુકા પંચાયતના માજી પ્રમુખ હિતેન્દ્રભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય કિશોરભાઈ, મહુવા તાલુકા સંગઠન ઉપ પ્રમુખ ગૌરાંગભાઈ પટેલ, અનાવલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી મંજુલાબેન પટેલ, જીતુભાઈ પટેલ, અનાવલ ગ્રામપંચાયત ના તલાટી અમિતભાઈ, કુમકોત્તર ગ્રામપંચાયતનાં સરપંચ શ્રી રાજુભાઈ પટેલ, વાસરાઈ ગ્રામપંચાયત સરપંચરીંક્લબેન, અનાવલ CHC ના કર્મચારી ચિરાગભાઈ, વેપારી આગેવાન ભાણાભાઈ, ગામનાં આગેવાન જનકભાઈ જોષી, મહેશભાઈ, ડાહ્યા ભાઈ, રાજુભાઈ, કેતનભાઈ, ઉમેશ ભાઈ, દિવ્યાંગભાઈ, અવિનાશભાઈ, ઉપસ્થિત રહ્યા હતા. અને કુલ ૩૦૦ વૃક્ષારોપણ કરવામાં આવ્યા હતા અને તેનું જતન કરવાનો દ્રઢ સંકલ્પ સાથે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી તેવતિયાના અધ્યક્ષપદે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



કમલમ્ન્યુઝ,શૈશવ રાવ

નર્મદા જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાના અધ્યક્ષપદે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અરજદારો દ્વારા રાષ્ટ્રધ્વજનું વારંવાર અપમાન, નમી ગયેલ વિજ થાંભલા, લોન સબસીડી સહાય, નલ સે જલ યોજના અંતર્ગત ગામમા પાણીનો મીની પ્લાંટ બનાવવા તથા જમીનના ક્ષેત્રફળ સુધારામાં પુનઃચકાસણી કરાવવા સહિતના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. કલેક્ટર શ્રીમતી તેવતિયાએ નાગરિકોના પ્રશ્નોને સાંભળીને ઉપસ્થિત અધિકારીશ્રીઓને કેટલાંક રચનાત્મક સલાહ-સૂચનો આપીને સમસ્યાનું ત્વરિત નિરાકરણ લાવવા જણાવ્યું હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, મદદનીશ કલેક્ટરશ્રી મુસ્કાન ડાગર, નાયબ કલેક્ટરશ્રી (પ્રોટોકોલ) એન. એફ. વસાવા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી.આર.પટેલ સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ અને અરજદારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ઉડાનની પ્રથમ રાષ્ટ્રીય કાર્યકારિણીની પ્રથમ બેઠક નાલંદા હોલ, ડો.આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર દિલ્હીમાં મળશે.

કમલમ્ ન્યુઝ,

ઉડાનના રાષ્ટ્રીય મહાસચિવ શ્રી સુશીલ કુમાર કમલજીએ પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે ઉડાનની પ્રથમ રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક ૩૦ જૂન, નવી દિલ્હીમાં યોજાશે. ભૂતપૂર્વ સંસદીય પેનલ સ્પીકર ડૉ. કિરીટ ભાઈ પ્રેમજીભાઈ સોલંકીજીની અધ્યક્ષતામાં રચાયેલી ઉડાન સંસ્થાની પ્રથમ રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક ૩૦ જૂન ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૩:૦૦ દરમિયાન "નાલંદા હોલ" ખાતે યોજાશે, ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, ૧૫, જનપથ, નવી દિલ્હી ખાતે રચના કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વંચિત સમુદાયોના વિકાસ માટે, "ઉડાન" સંસ્થાની રચના ૨૦૨૩ માં કરવામાં આવી હતી. ડૉ. કિરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકીને તેના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઢછદ્ર સંસ્થા ભારતના ૩૨ રાજ્યોમાં ફેલાયેલી છે. દેશના તમામ ૭૫૦ જિલ્લાઓમાં આ સંગઠન સાથે ઘણા કાર્યકરો જોડાયેલા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વંચિત સમુદાયો માટેની કલ્યાણકારી યોજનાઓ અને મહિલા સશક્તિકરણ, આરોગ્ય, આવાસ સહિતની આઠ મહત્વની વિકાસ યોજનાઓના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને તેનો લાભ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને જરૂરિયાતમંદ લોકોને સરળતાથી મળે અને તેમનો વિકાસ થાય તે માટે ઉડાન સંસ્થાની રચના કરવામાં આવી છે. ૩૦મી જૂને રાષ્ટ્રીય કારોબારીની બેઠક યોજાનારી આ રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ડો. કિરીટ ભાઈ પ્રેમજીભાઈ સોલંકી, રાષ્ટ્રીય અધ્યક્ષ, પૂર્વ પેનલ સ્પીકર અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સંસદીય કલ્યાણ સમિતિના પૂર્વ અધ્યક્ષ, શ્રી રાજુભાઈ પરમાર, ભૂતપૂર્વ સાંસદ રાજ્યસભા અને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ, શ્રીમતી ડૉ. અંજુ બાલા, ભૂતપૂર્વ સાંસદ લોકસભા, અને ભૂતપૂર્વ સભ્ય રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, શ્રી સુનિલ જોડે, દલિત સમાજના જાણીતા ઉદ્યોગપતિઓ અને ૩૨ રાજ્યોમાં થી ઉડાન સંગઠનના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેવાના છે.

રાજકોટ જીલ્લા ભાજપના મહામંત્રીશ્રીઓ દ્વારા પોતાના માતુશ્રીઓ સાથે 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ

જીલ્લાના તમામ મંડલ તેમજ મોરચાના મહામંત્રીઓ દ્વારા 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ

કમલમ્ ન્યુઝ,

દેશના પ્રધાનસેવક આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દેશના તમામ લોકોને પોતાના માતુશ્રીઓની યાદગીરીરૂપે "એક પેડ માં કે નામ" સૂત્ર સાથે જનસેવાનું અને પર્યાવરણ બચાવતુ સૂત્ર આપી અપીલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે સમગ્ર દેશમાં તા. ૨૬ જુન થી ૬ જુલાઈ સુધી સંગઠનના વિવિધ પદાધિકારીઓને આપેલા સમયપત્રક મુજબ આ કાર્યક્રમ સફળરીતે ચાલીરહ્યો છે. જેના ભાગરૂપે તા. ૨૬ના તમામ પ્રમુખશ્રીઓ દ્વારા તા. ૨૭ના તમામ ઉપપ્રમુખશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાંઆવેલ તેમજ આજરોજ સમયપત્રક મુજબ તા. ૨૮ના રોજ તમામ મહામંત્રીશ્રીઓએ વૃક્ષારોપણ કરવાનું હોય, આ સંવેદનાસભર અને લાગણીશીલ કાર્યક્રમ મુજબ પોતાના માતુશ્રીઓની સ્મૃતિમાં જીલ્લા ભાજપના મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ પોતાના માતુશ્રી સાથે પોતાના વતન વડાળી ખાતે તેમજ જીલ્લા ભાજપના મહામંત્રીશ્રી રવિભાઈ માંકડિયાએ પોતાના માતુશ્રી સાથે ઉપલેટા ખાતે તથા મહામંત્રીશ્રી હરેશભાઈ હેરભા દ્વારા પોતાના સ્વર્ગસ્થ માતુશ્રીની યાદમાં લોધિકા ખાતે વૃક્ષારોપણ કરીઅને સંદેશ આપેલ માનનીય પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદી સાહેબના પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઈનેબલ ડેવલોપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે "એક પેડ માં કે નામ" અભિયાનમાં માતા સાથે મળીને માતાને અંજલીરૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યુ છે. પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથોસાથ વાતાવરણ શુદ્ધિ માટે પ્રાણવાયુ ઓક્સીજન અને વધુ વરસાદ લાવવામાં વૃક્ષોનુ મહત્વ પ્રદાન રહેલું છે માટે પોતાના પરિવાર સાથે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા જણાવેલછે.

ઉપરોક્ત નિર્ધારિત કાર્યક્રમ મુજબ જીલ્લાના તમામ મંડલના મહામંત્રીશ્રીઓ, જીલ્લા મોરચાના મહામંત્રીશ્રીઓ, મંડલ મોરચાના મહામંત્રીશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણને બચાવવાના નરેન્દ્રભાઈ મોદીજીના અભિયાનને સફળ બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા.

છેલ્લા બે દાયકાથી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પ્રારંભ કરેલ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના જન આંદોલનની અદભૂત સફળતા અંકિત થઈ છે : ઉદય કાનગડ

વિધાનસભા–૬૮ની વિવિધ શાળાઓમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી ભૂલકાંઓને હૂંફથી વધાવી શિક્ષણના ભગીરથ કાર્યમાં જોડતાં ધારાસભ્ય ઉદય કાનગડ

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના માધ્યમ થકી બાળકોમાં માં માત્ર ચોપડિયું જ્ઞાન ન રહેતાં માહિતી અને ટેકનોલોજીના સમન્વયથી બાળકો વિકસે અને વિશ્વમાં આગળ વધે તેવા પ્રયત્ન બદલ રાજ્યની ભાજપ સરકાર ને ખુબ ખુબ અભિનંદન

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા–૬૮, રાજકોટ (પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડની એક અખબારી યાદીમાં જણાવાયું હતું કે ગુજરાતમાં કન્યા કેળવણી ધ્વારા દીકરીઓના અભ્યાસને પ્રોત્સાહન આપવા અને પ્રાથમિક શિક્ષણને વેગવંતુ કરવા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં પાછલા બે દાયકાથી શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે, વડાપ્રધાનશ્રી ધ્વારા શરૂ કરાયેલ શિક્ષણની પરંપરાને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહયા છે તે અંતગર્ત રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજય ભરમાં શાળા પ્રવેશોત્સવનું આયોજન હાથધરાઈ રહયું છે. તેઅંતર્ગત વિધાનસભા–૬૮માં ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની ઉકિતને સાકાર કરતાં વિધાનસભા–૬૮માં માંડા ડુંગર વિસ્તારમાં શ્રી પ્રિયદર્શીની શાળા નં. ૯૬ ખાતે, વોર્ડ–૫ માં શાળા નં. ૧૫ અને શાળા નં. ૭૨ ખાતે તેમજ પેડક રોડપર મઝહર કન્યા વિદ્યાલય ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના માધ્યમથી વિધાનસભા–૬૮ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદય કાનગડએ નાના ભૂલકાઓને મોં મીઠા કરાવી, હૂંફથી વધાવી શિક્ષણના ભગીરથ કાર્યમાં જોડયા હતા. આ તકે શહેર ભાજપ મહામંત્રીઅશ્વિન મોલીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, કોર્પોરેટરો દિલીપ લુણાગરીયા, હાર્દિક ગોહેલ, મંજુબેન કુંગશીયા, શિક્ષણ સમિતિસદસ્ય વિરમભાઈ સાંબડ, વોર્ડનાપ્રભારી રસિકભાઈ પટેલ, વોર્ડ પ્રમુખ પરેશલીબાંશીયા, અંકિતદુધાત્રા, વોર્ડ મહામંત્રી મુકેશ ધનસોતા, અનિલ ચૌહાણ, હરેશ ધંધુકીયા, શહેર ભાજપ મહિલા મોરચાના કીન્નરીબેન ચૌહાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણ નીં' ની થીમ સામે યોજાયેલા આ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ થકી શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ સર્જાઈછે. 'સૌ ભણે, ગણે અને આગળ વધે' તથા સૌને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહન મળે તેવા ઉમદા આશય સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે દાયકા પહેલા રાજયમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારે ઈતિહાસની આ પ્રથમ ઘટના હતી કે જેમાં મુખ્યમંત્રી સહિતના પદાધિકારીઓ નગર–ગામડાંમાં જઈ શાળા પ્રવેશોત્સવ થકી નાના ભૂલકાઓને શાળામાં હરખભેર આવકારતા હતા. રાજયમાં શાળા પ્રવેશોત્સવ ઉપરાંત શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતાથી માંડીને માળખાગત અને અદ્યતન તકીનીકી સુવિધાઓમાંપણ વધારો કરવામાં આવ્યોછે. ત્યારે કોઈપણ દેશની પ્રગતિનો મુખ્ય આધાર તેની સારી કેળવણી છે. ભારતીય સંસ્કૃતિમાં કેળવણીરૂપી છીપમાં પાકતુ અણમોલ રત્ન હોય તો તે સ્ત્રી છે. આજના યુગમાં કન્યા કેળવણીનું અનેરું મહત્વ છે ત્યારે કન્યા કેળવણી મહોત્સવને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ધ્વારા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના શરૂ કરી છે. બાળકોમાં માં માત્ર ચોપડિયું જ્ઞાન ન રહેતાં માહિતી અને ટેકનોલોજીના સમન્વયથી બાળકો વિકસે અને વિશ્વમાં આગળ વધે તેવો પ્રયત્ન રાજ્યની ભાજપ સરકાર કરી રહી છે. ત્યારે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ મહોત્સવમાં શિક્ષણક્ષેત્રે ના પ્રથમ ડગ માંડતા જ ભુલકાઓને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, કલાકૃતિઓ, નયનરમ્ય રંગોળીઓ અને મોં મીઠુ કરાવીને ઉલ્લાસમય માહોલમાં આવકારવામાં આવે છે ત્યારે ખરા અર્થમાં 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની' ની ઉકિત સાકાર થાય છે અને છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રારંભ કરેલ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના જન આંદોલનની અદભૂત સફળતા અંકિત થઈ છે ત્યારે આવતીકાલના ગુજરાતને શિક્ષિત બનાવવા માટે પાયાની કેળવણી એવા પ્રાથમિક શિક્ષણની ગુણવતા વધુ ઉંચેલઈ જવા માટે આ સરસ્વતી યાત્રાના આ સહિયારા પુરૂષાર્થમાં ઉપસ્થિત રહેવાનો અવસર મળેલ છે તેનો આનંદ છે તેમ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તમામ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતાં ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાં જણાવેલ હતું.

તિલકવાડાના ગણસિંડા ગામે આંગણવાડી-શાળાના બાળકોને પ્રવેશ અપાવતા જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા

કમલમ્ ન્યુઝ,રાજપીપલા,

નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના ત્રીજા દિવસે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતાતેવતિયા તિલકવાડાની ગણસિંડા પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત થયા હતા. જિલ્લા કલેક્ટરશ્રીનાહસ્તે ગામના આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ નાબાળકોનો વિદ્યારંભકરાવી શિક્ષણના ધામમાં પ્રવેશ કરાવાયો હતો. નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત ત્રણ દિવસ દરમિયાન તમામ ગામોની આંગણવાડી-પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયોહતો. રાજ્યકક્ષાએથી જિલ્લામાંપધારેલા ઉચ્ચઅધિકારીઓ, સ્થાનિક ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને અધિકારીઓ આ ઉત્સવમાં સહભાગી બની બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આજે સમગ્ર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનું સમાપન કરવામાંઆવ્યું હતું.

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાની આંગણવાડી-શાળાઓમાં ભુલકાઓને પ્રવેશ કરાવતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા

નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા ગરૂડેશ્વર તાલુકાની શાળાઓમાં પહોંચ્યા હતા. મંત્રીશ્રીએ ઉંડવાસાંકળ અને કારેલી ગામની પ્રાથમિક શાળા, આંગણવાડી તેમજ માધ્યમિક શાળા કારેલીના આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ - ૧ તથા ધોરણ - ૯ના બાળકોનું નામાંકન અને કંકુ તિલક કરી શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ જાણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી શાળા પ્રવેશોત્સવના શુભારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવના ભાગરૂપે નર્મદા જિલ્લામાંપણ આ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, બાળકોની ક્ષમતામાં વધારો થાય, ઉચ્ચ શિક્ષણનોછે. દીકરીના સ્વપ્નને સાકાર કરવા માટે વાલીઓને ખાસધ્યાન રાખવા અને તેના યોગ્ય ઉંમરે લગ્ન થાય જેથી દીકરી તેનાઅરમાનોપુરા કરે તેના ઉપર મંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો. વધુમાં જણાવ્યું કે, આંગણવાડીથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી બાળકો માટે સરકાર સતત ચિંતા કરે છે. બાળકોનેમફત શિક્ષણ સાથે તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. ઉચ્ચ લાયકાત ધરાવતાંશિક્ષકો આ શિક્ષણ યજ્ઞમાં ખૂબ સારૂં શિક્ષણ કાર્ય કરે છે. બાળકોને હોસ્ટેલથી વિદેશ અભ્યાસની તક પણ સરકાર દ્વારા પુરી પાડવામાં આવે છે. મંત્રીશ્રીએ ઉમેર્યુંકે, આંગણવાડીમાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસવામાં આવે છે. માત્ર એટલું જ નહીં પણ બાળકો અને મહિલાઓના આરોગ્યની કાળજી રાખી સુપોષણને કેન્દ્રમાં રાખીને વિવિધ યોજનાઓ પણ અમલમાં મૂકી આંગણવાડીમાં તેનો લાભ આપવામાં આવે છે જેનો સૌ લાભાર્થીઓને યોગ્ય લાભ લેવા અનુરોધ કર્યો હતો. શાળાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સિદ્ધિ હાંસલ કરનાર અને રમત-ગમતમાં આગળ આવનાર બાળકોને મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ સ્થળોએ કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળાથી દૂરના અંતરે રહેતા બાળકોને શાળા સુધી જવા માટે સરકારશ્રી દ્વારા અપાતી ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો પ્રારંભ કરાવી બાળકો સાથે મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ રિક્ષાની સવારી કરી હતી. સાથોસાથ આંગણવાડી - શાળામાં પ્રવેશ કરી રહેલા બાળકો સાથે મંત્રીશ્રીએ પોતાના મોબાઈલમાં સેલ્ફી પણ લીધી હતી. નર્મદાજિલ્લામાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં ઢોલ-નગારા સાથે વાજતે-ગાજતે વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ કરાવાય રહ્યોછે. આ કાર્યક્રમમાં આઈસીડીએસ વિભાગ ગાંધીનગરના મદદનીશ નિયામક શ્રીમતીઅલ્પાબેનસોલંકી, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. કિરણબેન પટેલ, આઈસીડીએસના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતીક્રિષ્નાબેન પટેલ અને જિલ્લાના મહિલા અગ્રણી શ્રીમતી જયશ્રીબેન ધામી તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓ અને ગામના સરપંચશ્રી તેમજ ગ્રામજનોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

ધારીખેડા ખાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેર લોક સુનાવણી યોજાઈ

સુગર ફેક્ટરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે પરિયોજનાના વિસ્તરણ-આધુનિકીકરણથી સ્થાનિકોને મળનારા લાભ વિશે વિસ્તૃત માહિતી આપી

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નાંદોદ તાલુકાના ધારીખેડા સ્થિત શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી ખાતે નિવાસી અધિક કલેક્ટર સી. કે. ઉંધાડના અધ્યક્ષતા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રતિનિધિ (સભ્ય સચિવ) શ્રીમતી એમ. યુ. પટેલ, નાંદોદના પ્રાંત અધિકારી ડૉ. કિશનદાન ગઢવી અને ધારીખેડા સુગર ફેક્ટરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલની ઉપસ્થિતિમાં જાહેર લોક સુનાવણી યોજાઈ હતી. લોક સુનાવણીમાં ખાંડ ઉત્પાદનનાં એકમના સૂચિત વિસ્તરણ/આધુનિકીકરણ (શેરડીની પિલાણ ક્ષમતા ૫૦૦૦ થી ૭૦૦૦ ટીસીડીઅને કોજનરેશન પાવર પ્લાન્ટ (૧૧ થી ૪૧ મેગાવોટ)નો ડ્રાફ્ટ એન્વાયરમેન્ટલ ઈમ્પેક્ટ અસેસ્મેન્ટઅને ઈએમપી રિપોર્ટનો કાર્યકારી સારાંશ, પરિયોજનાનો પરિચય, સારાંશ, સંસાધનોની જરૂરિયાત, પ્રાપ્યતા અને તેમના સ્ત્રોતો, પાણીનો વપરાશ, પ્રદૂષણની સંભાવના અને તેને અટકાવવાના પગલાં, ઘન-જોખમી કચરાના નિકાલ અંગે પ્રેઝન્ટેશનના માધ્યમથી જાણકારી આપવામાંઆવી હતી. પર્યાવરણીય મોનિટરિંગ, (ટેકનોલોજી અને સાઈટ) વિકલ્પોનું પૃથક્કરણ સહિત સૂચિત વિસ્તરણની પરિયોજનાથી વેપારની તકો, સ્થાનિક રોજગાર, વ્યવસાયો/કોન્ટ્રાક્ટરોને થનાર આર્થિક લાભ તેમજ પરિયોજનામાં ઉચ્ચ ક્ષમતા અને વધુ કાર્યક્ષમ બોઈલર અને ટર્બાઈન સ્થાપિત કરવાથીથનાર ઉચ્ચઉત્પાદન અને ખર્ચમાં ઘટાડા સહિતના વિવિધ મુદ્દાઓને પ્રેઝન્ટેશનના માધ્યમથી આવરી લેવામાંઆવ્યા હતા. લોક અભિપ્રાય મેળવવાના ભાગરૂપે પ્રેઝન્ટેશન બાદ પ્રશ્નોતરી તથા ખેડૂતો-ગ્રામજનોની રજૂઆતો, પ્રશ્નોને સાંભળવામાં આવ્યા હતા. જ્યાં પરિયોજનાથી સ્થાનિકોને થનાર લાભો, પર્યાવરણીય જાળવણી, સ્થાનિક રોજગાર સહિતના પ્રશ્નોને આવરી લેવાયા હતા. લોક સુનાવણીમાંરજૂ થયેલા પ્રશ્નોનો જવાબ આપતા સુગર ફેક્ટરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે આ પરિયોજનાના વિસ્તરણથી ઉત્પાદન અને આવક માંથનાર વધારો, સ્થાનિક રોજગાર અને અધ્યતન ટેકનોલોજીના ઉપયોગથી પર્યાવરણીય જાળવણી સહિતના મુદ્દાઓ પર વિશેષ ભાર આપ્યો હતો. આ લોક સુનાવણી ખેડૂતો, ગ્રામજનોની રજૂઆતને સત્તા તંત્રને પહોંચાડવા અને આગળની કાર્યવાહીઅર્થે યોજાયેલી હતી. જ્યાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અંકલેશ્વરનાઅધિકારી-કર્મચારીઓ, કંપનીના પ્રતિનિધિઓ, સ્ટેક હોલ્ડર્સ, ખેડૂતો, ગ્રામજનો હાજર રહ્યાંહતા.

શ્રી જીતનરામ માંઝીએ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા સંચાલિત યોજનાઓ / કાર્યક્રમોના કામગીરીની સમીક્ષા કરી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય એમએસએમઈ મંત્રી શ્રી જીતનરામ માંઝી અને એમએસએમઈ રાજ્ય મંત્રી સુશ્રી શોભા કરંદલાજેએ ખાદી અને ગ્રામોદ્યોગ (કેવીઆઈસી)ના અધ્યક્ષ શ્રી મનોજ કુમારની સાથે દેશમાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) ક્ષેત્રના વિકાસમાટે સંચાલિત યોજનાઓ/કાર્યક્રમોના પ્રદર્શનનીસમીક્ષા કરી. આ પ્રસંગે એમએસએમઈ મંત્રાલય અને KVIC ના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા. કેન્દ્રીય મંત્રીએ KVI સેક્ટરને પ્રોત્સાહન આપવા અને ખાદી કારીગરોને ટેકો આપવા માટેની યોજનાઓના અમલીકરણ પર કેન્દ્રિત અભિગમદ્વારા પ્રયત્નોને વધુ ઊંડું અને વિસ્તૃત કરવાની જરૂરિયાતપર ભાર મૂક્યો હતો.

સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા

મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ અમદાવાદમાં પોતાના નિવાસના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણી અને સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટના વડાપ્રધાનશ્રીના વિચારને વધુ વેગવંતો બનાવ્યો



કમલમ્ ન્યુઝ,

સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ અમદાવાદમાં પોતાના નિવાસના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગીથયા હતા. મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા વડાપ્રધાનશ્રીના પર્યાવરણ અંગેના વિચારોને આત્મસાત કરીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે 'એક પેડ માં કે નામ' અભિયાનમાં જોડાયા હતા. મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ તેમના નિવાસના પ્રાંગણમાં સેવનનું વૃક્ષ રોપ્યું હતું. આ વૃક્ષ ખૂબજ ગુણકારી છે, જે હવાનું શુદ્ધિકરણ કરે છે અને શુદ્ધઓક્સિજન આપે છે, તેમ તેમણે કહ્યું હતું. મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ પોતાના નિવાસસ્થાને વૃક્ષારોપણ થકી રાજ્યના સૌ નાગરિકોને પણ આ અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં પાંચમીજૂન, વિશ્વપર્યાવરણ દિવસે 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કેમાતાને અંજલિ રૂપે એક વૃક્ષવાવવાનું આહવાન કર્યું છે. પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથોસાથ, વાતાવરણ શુદ્ધિ માટે પ્રાણ વાયુ-ઓક્સિજન અને વધુ વરસાદ લાવવામાંવૃક્ષોનું મહત્ત્વનું પ્રદાન રહેલું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણા રોજિંદા જીવનમાંપણ ઈકો ફ્રેન્ડલી જીવનશૈલી અપનાવવા 'મિશન લાઈફ'ની પ્રેરણા આપી છે.

ગટરનું ૧૦ કરોડ રૂપીયાના ખર્ચે થશે નવિનીકરણ :- શ્રી કસવાલા

લીલીયાના ગટર પ્રશ્ને બંધ પળાયાના કલાકોમાં ધારાસભ્ય મહેશ કસવાલાનો બે વાર વેપારી સાથે સંવાદ

ગટરના કાયમી સમારકામ માટે ૪૫ લાખના જેટીંગ મશીનની ભેંટ ટુંક સમયમા :- શ્રી કસવાલા

કમલમ્ ન્યુઝ,

મોટાલીલીયા શહેરમાં ૧૦ - ૧૨ વર્ષ જુના ગટરના પ્રશ્નો બાબતે ગત લોકસભાની ચુંટણીમાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા દ્વારા જાહેર સભામાં ગટરનો પ્રશ્ન અમારા માટે કલંક રૂપ હોય તે પ્રશ્નો ઉકેલવા તત્પરતા દાખવેલ હતી આ ગટરના કાયમીપ્રશ્નના ઉકેલ માટે ૧૦ કરોડના ખર્ચે નવિનીકરણ કરવા માટે ટુંક સમયમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ આ ગટરના કાયમી સમારકામ માટે ૪૫લાખના ખર્ચેજેટીંગ મશીનની લીલીયા ગામને ટુંક સમયમાં સરકારશ્રી તરફથી ભેટ આપવાની કામગીરીમાં કટીબધ્ધ થતા શ્રી મહેશ કસવાલાએ ખાત્રી આપેલ છે ઉપરાંત ગટરના કામમાં મોનીટરીંગઅને ક્વોલીટી કામના સુપરવિઝન માટે વેપારીઓનો પણ સાથ સહકાર માંગવામાં આવેલ લીલીયા શહેરનાગટરનાપ્રશ્ને વેપારીઓએ બંધનું એલાન આપવામાં આવેલ જેના અનુસંધાને ધારાસભ્ય શ્રી મહેશ કસવાલા દ્વારા સર્કીટ હાઉસ ખાતે વેપારીઓની મિટીંગ બોલાવવા માં આવેલ તેમજ લીલીયાની નાવલી નદીના સ્થળે રૂબરૂ જઈ વેપારી તથા ગ્રામજનો સાથે સંવાદ કરી બંધ એલાનનો સુખઃદ અંત લાવી બપોર બાદ વેપાર ધંધા શરૂ કરવામાં આવેલ છે આ તકે ધારાસભ્યશ્રી દ્વારા કરવાની થતી કામગીરી બાબતે વેપારીઓ તથા ગ્રામજનોને વાકેફ કરવામાં આવ્યા હતા અને આ કામગીરી વેપારી મંડળએ વધાવી બંધના એલાનનો સુખઃદ અંત લાવવામાં આવેલ છે તેમ સત્વ ''અટલધારા''કાર્યાલયનાઈન્ચાર્જશ્રી જે.પીહિરપરાએતેમનીઅખબારી યાદીમાં જણાવ્યુ હતુ.

માંડ્વી તાલુકાના તારાપુર ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત પુસ્તકાલયનું લોકાર્પણ કરતા આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

પુસ્તકાલય નિર્માણથી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા બાળકોએ ગામ છોડી અન્યત્ર જવું નહીં પડેઃ મંત્રી કુંવરજીભાઇ હળપતિ

સાંસદ પ્રભુભાઈ વસાવા અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની વિશેષ ઉપસ્થિતિ

આદિવાસી વિસ્તારમાં નિર્માણ પામેલાં અતિ અત્યાધુનિક પુસ્તકાલય યુવા પેઢીને ઉપયોગી બનશેઃ સાસંદ પ્રભુભાઇ વસાવા



પુસ્તકાલયમાં વાઇફાઈ, એસી, સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધા

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

માંડવી તાલુકાના તારાપુર ગામે જનભાગીદારી થકી રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત 'માયરા સાર્વજનિક પુસ્તકાલય'નું આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે લોકાર્પણ કરાયું હતું. સાંસદ પ્રભુભાઈ વસાવા અમે ધારાસભ્ય ગણપતસિંહ વસાવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તકાલય વાઈફાઈ, એસી, સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાથી સજ્જ છે, જેમાં તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગીલેટેસ્ટ પુસ્તકોનો ખજાનો છે.ઉમદા બેઠક વ્યવસ્થા, રમણીય વાતાવરણ સાથે પીવાના શુદ્ધ ઠંડાપાણી માટે કુલરની સુવિધા ઉપલબ્ધ છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ ગામમા નિર્મિત પુસ્તકાલય માટે ગ્રામજનો, યુવાનોને અભિનંદન આપી ગામના બાળકો અને યુવા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાબાળકોએ ગામ છોડીઅન્યત્ર જવું નહીંપડે. તેઓ ઘરઆંગણે જ લાઈબ્રેરીનો લાભ લઈઉચ્ચ શિક્ષણ કે અન્ય પરીક્ષાઓની તૈયારી કરી પોતાની ઉજ્જવળ કારકિર્દી ઘડી પરિવાર સાથે ગામ, શહેર કે રાજ્યના વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકશે. શ્રી હળપતિએ વધુમાંજણાવ્યું હતું કે, માંડવી તાલુકાના પ્રત્યેક ગામોના યુવા અને મહિલાઓના સશક્તિકરણ સાથે સર્વાંગી વિકાસ સાધી સ્માર્ટ વિલેજ બનાવવાનો અમે સંકલ્પ કર્યોછે. રાજ્ય સરકાર વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી છેવાડાના માનવીની સુવિધામાં વધારો થાય તેવા લક્ષ્ય સાથે કાર્ય કરીરહીછે. ત્યારેમાંડવી તાલુકાના ગામોમાં થઈ રહેલા વિકાસકાર્યો દ્વારા ગ્રામજનોના જીવનધોરણમાં ઉત્તરોત્તર સુધારો કરવાનું લક્ષ્ય છે. આ પ્રસંગે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવતા કહ્યું હતું કે, શિક્ષિતવર્ગ સાચીઅને લોકહિતની વાતને સમાજના દરેક સ્તર સુધી લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. કેન્દ્ર અનેરાજ્ય સરકારે ગરીબ અને આદિવાસી બંધુઓને કેન્દ્રમાં રાખીનેઅનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે, ત્યારે આદિવાસી વિસ્તારમાં નિર્માણ પામેલાંઅતિ અત્યાધુનિક પુસ્તકાલય યુવા પેઢીને ઉપયોગી બનશે. અંતિરીયાળ આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક જાગૃતિ માટે, યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય અને તમામ વર્ગના યુવાઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય પ્લેટફોર્મ પુસ્તાકાલય થકી મળી રહેશે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ગણપતભાઈ વસાવાએજણાવ્યું હતું કે, જીવનમાં શિક્ષણનું આગવું મહત્વ છે. મુખ્યમંત્રીશ્રી ના માર્ગદર્શન હેઠળ રાજ્યની ૧૮ હજાર શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકા અને ધો.૧ ના પ્રવેશ લેનારા ભુલકાઓમાટે પ્રવેશોત્સવ થકીરાજ્યના તમામબાળકોસહિત આદિવાસી દીકરા-દીકરીઓની ઉજ્જવળભવિષ્યની કેડીતૈયાર થઈ છે. ૧૦ વર્ષમાં આદિવાસી દીકરીઓના ભણતરમાં ૧૭ટકાનો વધારોથયો છેએ ગૌરવની વાત છે એમ જણાવીઆદિવાસી બાળકોને ઉચ્ચ અભ્યાસ કરવા પ્રોત્સાહિત કર્યા હતા આ પ્રસંગેનિવૃત્ત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી નૈષધભાઈ મકવાણા, સરપંચ કલ્પનાબેન વસાવા, જિજ્ઞેશ વસાવા, સમાજિક અગ્રણીઓ ડો.આશિષ ઉપાધ્યાય, દિનેશ પટેલ, નટુભાઈ રબારી, જિ. પંચાયતના સભ્યો, શિક્ષકો, યુવાનો-બાળકો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

વિકસિત ભારતની વડાપ્રધાનશ્રીની સંકલ્પના સાકાર કરવામાં ગુજરાતને ફ્યુચરિસ્ટિક ટેકનોલોજીના મહત્તમ વિનિયોગ સાથે અગ્રેસર રાખવાની નેમ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

-: મુખ્યમંત્રી શ્રી :-

- વડાપ્રધાનશ્રીએ ભારતને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે ફ્યુચરિસ્ટિક ટેકનોલોજીને પ્રાધાન્ય આપ્યું છે.
- યુવાનોને વધુ ને વધુ રોજગારીની તકો ડિજિટલ ક્ષેત્રમાં આપવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.
- ગુજરાત વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર બન્યું.

ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ ટેક્નોલોજી દ્વારા ડીપ ટેક્નોલોજી ઇનિશ્યેટીવ્ઝ રૂપે ત્રણ મહત્વપૂર્ણ MoU ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન

૨૫ હજાર જેટલા વિદ્યાર્થીઓને આગામી ત્રણ વર્ષમાં ડીપ ટેક્નોલોજી આધારિત કોર્સિસમાં તાલીમ અપાશે

- માઇક્રોસોફ્ટ સાથે ગિફ્ટસિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે MoU.
- રાજ્યમાં AI ની કેપેસિટી વધુ સુદ્રઢ કરવા NASCOM સાથે MoU.
- IBM અને સાયન્સ ટેક્નોલોજી વિભાગ વચ્ચે ગિફ્ટ સિટીમાં બ્લેકિંગ ફાઇનાન્સિયલ સર્વિસીસ અને ઇન્સ્યોરન્સ સેક્ટર માટે AI ક્લસ્ટર સ્થાપવાના MoU.
- રાજ્યમાં ઇન્ફ્રોમેશન ટેક્નોલોજી વર્કફોર્સને તાલીમબદ્ધ કરવા પાંચ કંપનીઓએ કોર્સ પ્રોવાઇડર્સના એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ ચાર યુનિવર્સિટીઝ સાથે કર્યા.

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પના સાકાર કરવામાં ગુજરાતને ફ્યુચરિસ્ટીકટેકનોલોજીના મહત્તમ વિનિયોગથી અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકસિત ભારતજર૨૦૪૭ માટે વિકસિત ગુજરાતનો જે રોડમેપબનાવ્યો છે તેમાંપણ ફ્યુચરિસ્ટિક ટેકનોલોજીને પ્રાધાન્ય આપ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલગાંધીનગરમાં રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગ દ્વારા ડીપ ટેકનોલોજ રૂપે ત્રણ મહત્વપૂર્ણ MoU તથા કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામ અન્વયે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટના આદાન-પ્રદાન અવસરે સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાંજે MoU સંપન્ન થયા છે તે અંતર્ગત માઇક્રોસોફ્ટ અને સાયન્સ ટેકનોલોજી વિભાગ ગિફ્ટસિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરશે. આ સેન્ટર માંમશીનલર્નિંગ, ક્રોન્ટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેકનોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ,સફળપાયલોટ પ્રોજેક્ટ્સનુંરોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે. આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) સેન્ટર નાગરિકોને અસરકારક, સમયબદ્ધ સેવા પહોંચાડવા, મૂળભૂત રુપે નવીનતાને પ્રોત્સાહન આપીને અને ઉત્પાદન, હેલ્થકેર અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ટેકનોલોજીકલ પ્રગતિને વેગ આપી સરકાર અને ઉદ્યોગ એમ બંને માટે વિસ્તૃતસાથ સહકાર પ્રદાન કરશે. નાસ્કોમ સાથે થયેલા રૂ. અન્વયે રાજ્ય ની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નીક્ષમતાઓને વધારે મજબૂત કરાશે. નાસ્કોમ વિવિધ ક્ષેત્રોના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સોલ્યુશન્સ વિકસાવવા, પાયલોટ પ્રોજેક્ટ્સના અમલીકરણ અનેવિવિધ સરકારી વિભાગો અને ખાનગી ક્ષેત્રોમાં આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) મોડલ્સને અપનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નાસ્કોમઆ કેન્દ્રનું સંચાલન કરશે તેમજ ગુજરાત ઇન્ફોમેટિક્સ લિમિટેડ દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સેન્ટર માટે જરૂરી ઓપરેટિંગ સિસ્ટમ અને બાકીનું નાણાંકીય ભંડોળ પૂરું પાડવામાં આવશે. માઈક્રોસોફ્ટ અને નાસ્કોમ સાથેઆ કરાર પાંચ વર્ષ માટે કરવામાં આવ્યા છે. જેથી કરાર બાદ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કેન્દ્રનંતરતજ શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ MoU ને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માં ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ આગવું સ્થાન આપવાની દિશામાં નોંધપાત્ર પગલું ગણાવ્યું હતું. એટલું જ નહીં, ડિજિટલ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપીને, નવીનતાને આગળ વધારવા સાથે ડિજીટલ ક્ષેત્રમાં યુવાનોમાટે વધુરોજગારીનું સર્જન પણ કરશે તેમ ઉમેર્યું હતું. રાજ્ય સરકારના ઇન્વેસ્ટમેન્ટ ઓફ સાયન્સ અને ટેકનોલોજી, દ્વારા IBM સાથે થયેલા MoU સંદર્ભે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ બેંકિંગ ફાઇનાન્સિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સ ક્ષેત્ર માટે AI ક્લસ્ટર સ્થાપવામાં આવશે. IBM દ્વારા ગિફ્ટસિટીમાંતેના વોટસન-એક્સ નામના પ્લેટફોર્મના માધ્યમથી આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીના ઉપયોગથી ગિફ્ટ સિટીમાં કાર્યરત રહેલી બેંકિંગ ફાઇનાન્સિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સને લગતી કંપનીઓ ઈનોવેટીવ અને વધુ અસરકારક સેવાઓ વિકસાવી શકાશે. IBM નીટેકનોલોજીઓઉપયોગ ભારતની ૮૦% જેટલી નાણાંકીય સંસ્થાઓ કરે છે. IBM ના આ અદ્યતન આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ અને ક્લાઉડઇન્ફ્રાસ્ટ્રક્ચર ના ઉપયોગ થકી ગિફ્ટ સિટીમાં રહેલ ફાઇનાન્સ ટેક કંપનીઓને વ્યવહારમાં ઉપયોગ કરી શકાય તેવા AI સોફ્ટવેર વિકસાવવામાં મદદ મળશે. તથા બેંકિંગ ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સ સેક્ટર માં કાર્યરત સંસ્થાઓને AI આધારિતડિજિટલ સોલ્યુસન વિકસાવી છે આધારિત સેવાઓ પૂરી પાડવામાં મદદરૂપ થશે આ ઉપરાંત IBM રાજ્યની શાળાઓ અને યુનિવર્સિટીઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો અભ્યાસક્રમ વિકસાવવામાં મદદ કરશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ત્રીજી વાર દેશનું શાસન દાયિત્વ સંભાળતાં વિશ્વમાં ભારત ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બને તે માટે ફ્યુચરિસ્ટીકટેકનોલોજીને પ્રાધાન્ય આપ્યું છે.ગુજરાત વડાપ્રધાનશ્રીનાં માર્ગદર્શનમાં ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર બન્યું છે અને નવી ટેકનોલોજી સાથેના નવા ઉદ્યોગોને અનુરૂપ હ્યુમન રિસોર્સિસની જરૂરીયાતને પહોંચીવળવા રાજ્ય સરકારે આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. પોલિસી અન્વયે અપ સ્કીલિંગ ઈન્ડસ્ટ્રી રેડી ટેલેન્ટ પ્રોગ્રામ દ્વારા કેપેસિટી બિલ્ડીંગની નેમ રાખી છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય સરકારના ઇન્વેસ્ટમેન્ટ ઓફ સાયન્સ અને ટેકનોલોજી, દ્વારા IBM સાથે થયેલા MoU સંદર્ભે આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ બેંકિંગ ફાઇનાન્સિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સ ક્ષેત્ર માટે AI ક્લસ્ટર સ્થાપવામાં આવશે. IBM દ્વારા ગિફ્ટસિટીમાંતેના વોટસન-એક્સ નામના પ્લેટફોર્મના માધ્યમથી આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીના ઉપયોગથી ગિફ્ટ સિટીમાં કાર્યરત રહેલી બેંકિંગ ફાઇનાન્સિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સને લગતી કંપનીઓ ઈનોવેટીવ અને વધુ અસરકારક સેવાઓ વિકસાવી શકાશે. IBM નીટેકનોલોજીઓઉપયોગ ભારતની ૮૦% જેટલી નાણાંકીય સંસ્થાઓ કરે છે. IBM ના આ અદ્યતન આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ અને ક્લાઉડઇન્ફ્રાસ્ટ્રક્ચર ના ઉપયોગ થકી ગિફ્ટ સિટીમાં રહેલ ફાઇનાન્સ ટેક કંપનીઓને વ્યવહારમાં ઉપયોગ કરી શકાય તેવા AI સોફ્ટવેર વિકસાવવામાં મદદ મળશે. તથા બેંકિંગ ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સ સેક્ટર માં કાર્યરત સંસ્થાઓને AI આધારિતડિજિટલ સોલ્યુસન વિકસાવી છે આધારિત સેવાઓ પૂરી પાડવામાં મદદરૂપ થશે આ ઉપરાંત IBM રાજ્યની શાળાઓ અને યુનિવર્સિટીઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો અભ્યાસક્રમ વિકસાવવામાં મદદ કરશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ત્રીજી વાર દેશનું શાસન દાયિત્વ સંભાળતાં વિશ્વમાં ભારત ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બને તે માટે ફ્યુચરિસ્ટીકટેકનોલોજીને પ્રાધાન્ય આપ્યું છે.ગુજરાત વડાપ્રધાનશ્રીનાં માર્ગદર્શનમાં ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર બન્યું છે અને નવી ટેકનોલોજી સાથેના નવા ઉદ્યોગોને અનુરૂપ હ્યુમન રિસોર્સિસની જરૂરીયાતને પહોંચીવળવા રાજ્ય સરકારે આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. પોલિસી અન્વયે અપ સ્કીલિંગ ઈન્ડસ્ટ્રી રેડી ટેલેન્ટ પ્રોગ્રામ દ્વારા કેપેસિટી બિલ્ડીંગની નેમ રાખી છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત,અપસ્કીલિંગઈન્ડસ્ટ્રી રેડીટેલેન્ટ પ્રોગ્રામહેઠળ રાજ્યની અલગ-અલગયુનિવર્સિટીઓ અને કોર્સપ્રોવાઇડર્સપોસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ મંગાવવામાં આવ્યા છે અને ડીપ ટેક્નોલોજીમાં યુવાનોનેતાલીમ પૂરીપાડવાનો હેતુ છે. આ એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ હેઠળ પાંચ કંપનીઓ કોર્સ પ્રોવાઈડર્સ તરીકે તથા ચાર યુનિવર્સિટીઓ એગ્રીગેટર્સ તરીકે આગળ આવી છે. પાંચ કોર્સ પ્રોવાઇડર તરીકે IBM, NVidia,AWS, TCS અને L&T Edutech નોસમાવેશ થાય છે. રાજયની ચાર યુનિવર્સિટીઓ GTU, ITRAM, P.D.E.U અને ગણપત યુનિવર્સિટી એ ડિગ્રેટર્સ તરીકે જોડાઈ છે. રાજ્ય સરકારના આ પ્રયાસની ફલશ્રુતી રૂપે આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં કુલ અંદાજે ૨૫ હજાર જેટલા વિદ્યાર્થીઓને ડીપ ટેકનોલોજી આધારિત કોર્સિસમાં તાલીમ મેળવવાનો લાભ મળશે. આ ઉપરાંત,આઈ.ટી.આઈ. ગાંધીનગર અને સાયન્સ સિટીવચ્ચે પણ એક એગ્રીમેન્ટનુ આદાન-પ્રદાન કરવામાંઆવ્યું હતું. આ એગ્રીમેન્ટ અનુસાર રાજ્યના ૧૦ હજાર વિદ્યાર્થીઓ માટે ૧૮૦ જેટલા સ્ટેમ(STEM) વર્કશોપનું આયોજન કરાશે. IBM ઇન્ડિયા-સાઉથ એશિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રીસંદિપ પટેલેઆપ્રસંગે જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ફોઈપણદેશના આર્થિક વિકાસ અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. AI સમયની માંગ છે અને ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ભારતના વિકાસ માટે ડ્રાઈવિંગ ફોર્સ તરીકે કામ કરશે. ભારત આગામી સમયમાં વિશ્વનું રકીલ ફેપિટલ બનશે અને તેમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણરહેશે.તેવોવિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. સાયન્સ ટેકનોલોજી વિભાગનાઅગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે બાયો ટેકનોલોજી, IT ઈ-ગવર્નન્સઅને ડિજિટલ ક્ષેત્રે ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ગિફ્ટસિટી ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તપન રે એ જણાવ્યું હતું કે, જે દેશ નવીન ટેકનોલોજીનોસર્વપ્રથમલાભ લઈ, તેને અપનાવેછે, તેદેશના આર્થિક વિકાસ ઝડપીથાય છે.ભારત આજે AI નેઅપનાવીને વિકાસની ગતિને તેજ કરવાનીદિશામાં આગળ વધી રહ્યો છે. આગામી સમયમાં ભારતની યુવાપેઢી AI નોડ્રાઈવિંગ ફોર્સબનશે. તેમણે ગિફ્ટસિટીની અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે તેમજ AI અને ક્ષેત્રીય વિકાસ માટે ગિફ્ટસિટીની વિવિધ પહેલોની વિગતવાર માહિતી આપીહતી. આ કાર્યક્રમ દરમિયાન GTUના વાઈસચાન્સેલર ડૉ. રાજુલ ગજ્જર, AI-માઈક્રોસોફ્ટ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વેંકટેશ કૃષ્ણન, IIT-ગાંધીનગરના ડીન પ્રો. અમિત પ્રશાંત, IBM, માઈક્રોસોફ્ટ, નાસ્કોમના AI અને IT સાથે સંકળાયેલા ટેકનોક્રેટ તેમજ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા આમંત્રીતોઉપસ્થિતરહ્યા હતા. IC અને ઈ-ગવર્નન્સ ડાયરેક્ટર શ્રી તુષારભટ્ટે આભારવિધિકરી હતી.

"એક પેડ માં કે નામ" અભિયાનમાં સહભાગી થયા નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ

વૃક્ષારોપણ કરવું એ આપણી માનવીય ફરજ: મંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વાપી ખાતે તેમના ઘરેસહ પરિવાર વૃક્ષારોપણ કર્યું હતું. મંત્રી ના માતા શ્રી મણીબાની સ્મૃતિ સ્વરૂપેએક વૃક્ષ વાવી સમર્પિત કર્યું. તેમની સાથે તેઓના ધર્મપત્ની શ્રી ભારતીબેન અને દીકરી મીનલબેન દ્વાર પણ તેઓની માતાની સ્મૃતિ સ્વરૂપે એક વૃક્ષ સમર્પીત કર્યું હતું. મંત્રીશ્રી એજણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દિલ્હી ખાતે પીપળાનું વૃક્ષ વાવીને "એક પેડ માકે નામ" અભિયાનની શરૂઆત કરી હતી.જેને ગુજરાતસરકાર સુપેરે આગળ વધારી રહ્યાછે. આઅભિયાન થકીપૃથ્વીઅને માનવ જાતને ગ્લોબલ વોર્મિંગ સામેસુરક્ષિત કરવાઅને ભવિષ્યની પેઢીને શ્રેષ્ઠ પર્યાવરણ ભેટ આપવામાટે પર્યાવરણનું જતન કરવામાટે વૃક્ષારોપણ કરવુંએ આપણી માનવીય ફરજ છે તેનો સંદેશો જનસમુદાયને આપ્યો છે તેમ તેમણે વધુમાંઉમેર્યું હતું.

કમલમ્ ન્યુઝ,

મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ આવતીકાલ ૩૦ જૂન , રવિવારના રોજ સિદ્ધપુર ખાતેસરસ્વતી જળ સંચય યોજનાઅને બનીરહેલ રિવરફ્રન્ટના નિરીક્ષણ માટે આવી રહ્યાછે ત્યારે તૈયારીઓને આખરી ઓપ આપવામાન. કેબિનેટ મંત્રી શ્રીબલવંતસિંહ રાજપૂત સાહેબે પ્રત્યક્ષ સ્થળ નિરીક્ષણ કરી, વહીવટીતંત્રને જરૂરીસૂચનાઓ આપી. આ પ્રસંગેસિંચાઈ વિભાગનાઅધિકારીઓ , નગરપાલિકા પ્રમુખ, શહેરના આગેવાનો અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિતરહ્યા હતા.

દેશના વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવણી ખૂબ જરૂરી: મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા.

કમલમ્ ન્યુઝ,

મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર ખાતે તેમના નિવાસના પ્રાંગણમાં પરિવારજનો સાથે વૃક્ષારોપણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશનાવિકાસની સાથેસાથે પર્યાવરણની જાળવણી કરવી પણ ખૂબ જરૂરી છે. જેના માટે ન માત્રવૃક્ષો વાવવા પણ તેનું જતન કરવું પણ એટલું જ જરૂરી છે. વડાપ્રધાનશ્રીના આ વ્યાપક અભિયાનને વધુકારગત બનાવવારાજ્ય સરકાર સતત પ્રયત્નશીલછે. મંત્રીશ્રીએ તમામ નાગરિકોને આ અભિયાનમાં જોડાઈને વધુ વૃક્ષોનું વાવેતર કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રી તેમના માતુશ્રીના નામે એક વૃક્ષ તેમજ એમની દીકરીએ પણ તેમના માતાના નામે એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાના શપથ લીધા હતા.

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલાં "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ વિવિધ શાળા પરિસરોમાં વૃક્ષારોપણ કર્યું હતું. મંત્રીશ્રીએ સૌ નાગરિકોને મહત્તમ વૃક્ષો વાવી તેનું જતન કરવાનું આહવાન કર્યું. મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા પર્યાવરણનું જતન કરવું એખૂબ જ જરૂરી છે. પર્યાવરણની જાળવણી કરવાથીઆપણે સૌગ્લોબલ વોર્મિંગજેવી અતિ-ઘાતક સમસ્યા સામે લડી શકીશું, તેમ તેમણે ઉમેર્યું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At : Capital Offset 801/1, G.I.D.C., Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanisha Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028